દાદા ભગવાન પરિવારનું
જુલાઈ ૨૦૨૫

# અક્રમ એક્સપ્રેસ



# સંપાદકીય

બાળમિત્રો,

એક કોયલ હતી. મોરની સુંદરતા અને એનો ડાન્સ જોઈને એને થતું કે, 'મારે પણ મોર જેવા બનવું છે.' એક દિવસ એણે જંગલમાં મોરના ખરેલા પીંછા જોયા. પીંછા લઈને એણે પહેરી લીધા. ખુશ થઈને એ ડાન્સ કરવા લાગી. જંગલના બધા પ્રાણીઓ ભેગા થઈ ગયા. થોડી વારમાં એના બધા પીંછા ખરી પડ્યા. બધાએ કોયલબેનની બહુ મજાક ઉડાવી. સમજદાર ઘુવડે દુઃખી કોયલને કહ્યું, 'બેટા, તારે મોર જેવા બનવાની શું જરૂર છે ? તારી મૌલિકતા(ઓરિજિનાલિટિ) તો તારો મધુર અવાજ છે. તું એ કેમ ભૂલી ગઈ ?'

શું આપણે પણ ક્યારેક આપણા અસલ ગુણ અને ઓળખાણ ભૂલીને નકલ કરવામાં પડી જઈએ છીએ ? ચાલો, આ અંકમાં જોઈએ, નકલ કરવાથી શું થાય ? કોની નકલ કરવી યોગ્ય છે ? અનન્યા કાંચીડા પાસેથી શું શીખી અને આર્યાવર્ત રાજ્યનો ખરો વારસદાર કોણ બન્યો ? થીઓ એન્ડ ફ્રેન્ડ્સે રિવરફ્રન્ટ પર શું કર્યું ? અને હા, આલુ-ચીલીની પણ એક ખાસ સ્ટોરી છે. જરૂરથી વાંચજો.

-ડિમ્પલ મહેતા




**અક્રમ એક્સપ્રેસ**

July, 2025
Year 17, Issue : 11
Conti. Issue No.: 203
Published Monthly

સંપર્ક સૂત્રઃ
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ. પો. - અડાલજ,
જી. ગાંધીનગર - ૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : 9328661166/77
Email: akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org

Editor: Dimple Mehta
Published by Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist.- Gandhinagar.

© 2025, Dada Bhagwan Foundation
All Rights Reserved

Price Per Copy: NIL

# જ્ઞાનીઓ કહે છે...

નકલ કરીને જીવવું સારું કે અસલ ? આ છોકરાંઓ એકબીજાની નકલ કરે છે. આપણને નકલ કેવી ? જિંદગીમાં કોઈનીય નકલ કરાય જ નહીં.

આપણી પાસે અસલ હોવું જોઈએ. નકલ ના હોવું જોઈએ. નકલ તો બધાય કરે. કપડાંમાં ને હેર સ્ટાઈલમાં નકલ. આણે 'નાઈક'નું પહેર્યું તો આપણે પહેરો. અને આણે આવું કર્યું તો આપણે કરો. એકબીજાનું જોઈ જોઈને સ્ટાઈલ મારે. ચોરી કરવાનું, કૉપિ કરવાનું એવું લોકોનું જોઈને અવળા રસ્તે બધા નકલ કરે છે. સમજણપૂર્વક છે જ ક્યાં બધું ? જ્ઞાનીઓ છે, કૃષ્ણ ભગવાન રામ ભગવાન કે મહાવીર ભગવાન એમની કોઈ નકલ કરે છે ? એવી નકલ કરતા હોય તો સારું.







આપણે અસલ થવાનું. તો કંઈક આપણું મનુષ્ય જીવન સાર્થક થયું કહેવાય. આપણને અંદર ખુમારી હોવી જોઈએ, કે હું કોણ છું, મારી માતા કેવી સુંદર છે, કેવું સરસ શિક્ષણ આપે છે. મારે એમનું સાંભળવું છે.

**પ્રશ્નકર્તા :** મારે તો સાચે રસ્તે જ જવું છે, પણ તોય ખોટે રસ્તે જતા રહેવાય છે. ખરાબ વાતોની નકલ થઈ જાય છે. તો શું કરું ?


**નીરુમા :** ખબર છે કે આ સાચું છે ને આ ખોટું છે. પણ ખોટું છૂટતું નથી ને સાચે રસ્તે જવાની આપણી પાસે શક્તિ નથી. એ શક્તિ પ્રગટ કરવી પડે. એ શક્તિ પ્રગટ કરવા માટે સારાનો સંગ જરૂરી છે.

# ચાલો રમીએ...

નીચે આપેલા ચિત્રમાં કયા કયા પ્રાણીઓ છે એ શોધો.



બાજુમાં આપેલા ચિત્રમાંથી કોઈ પણ પાંચ મેચસ્ટીક કાઢીને એમાંથી એક સરખા પાંચ ત્રિકોણ બનાવો.





કોઈકની નકલ કરે એ નકલી કહેવાય.

અને પોતાની રીતે, પોતાની સમજણથી ચાલતા હોય એ અસલ કહેવાય.



# આ તો



સમજણનું અનુકરણ કરવાનું છે, વર્તનનું અનુકરણ(નકલ) કરવાનું નથી.



દા.ત. આ અંકમાં દર્શાવેલી 'વારસદાર' વાર્તામાં રાજવીરે રાજાજીની સમજણનું અનુકરણ કર્યું અને તેજપાલે એમના વર્તનનું.




જે લોકો બીજાની
નકલ કરતા હોય,
એની આપણે નકલ કરીએ, એ
મૂર્ખામી ગણાય.
નવી જ વાત !
કોઈ ઊંધું કરે છે એ
જોઈને આપણે ઊંધું
કરતા શીખી જઈએ
છીએ, પણ કોઈ સીધું કરે છે એ
જોઈને આપણે સીધું કરતા નથી
શીખતા. લપસવાનું સહેલું છે,
પણ ચડવાનું અઘરું છે.
7 Akram Express

# રંગ બદલે એ કોણ ?



આજે મેં એક નવી હેર સ્ટાઈલ ટ્રાય કરી. મારા વાળને આગળથી ફોલ્ડ કરીને પાછળ પિન ભરાવી. આમ તો હું રોજ એક સિમ્પલ ચોટલો જ વાળતી હતી. પણ આજે કંઈક નવું ટ્રાય કર્યું. મારા યૂનિફૉર્મના શર્ટની બાંયો ઉપર ચઢાવી અને અરીસામાં જોઈને વિચાર્યું, 'મસ્ત લાગું છું ! એકદમ એમના જેવી જ.' જેવી ક્લાસમાં દાખલ થઈ, કે છેલ્લી બેન્ચથી એક હાથ ઊઠ્યો અને મને ઈશારો કરીને ત્યાં બોલાવી. હું એ દિશામાં દોડી ગઈ.

'અરે વાહ અનન્યા ! આજે તો તું એકદમ મસ્ત લાગે છે.' જીનાએ મને હાથમાં તાળી આપી.

'સ્ટાઈલ અને હેર સ્ટાઈલ... કહેવું પડે યાર. જલદી શીખી ગઈ !', ટીયા બોલી. એ રોજ નવી નવી હેર સ્ટાઈલ કરતી. આજે મેં

એના જેવી જ હેર સ્ટાઈલ કરી હતી.

'અબ લગ રહી હૈ ના, બિલકુલ હમારે જૈસી.' છેવટે રેયલે એની સ્ટાઈલમાં મારા ખભે હાથ મૂકીને મને સિક્કો મારી આપ્યો. રેયલે મારી જેમ જ યૂનિફૉર્મના શર્ટની બાંયો ફોલ્ડ કરી હતી. ના, સાચું કહું તો મેં એને જોઈને આ સ્ટાઈલ કરી હતી.

મારા મનમાં વિચારો ચાલુ થયા. સાતમા ધોરણમાં નવી સ્કૂલ સ્કૂલમાં આવ્યાને મને ચાર અઠવાડિયા થયા હતા. દિવસો સુધી કોઈએ મારી સાથે વાત નહોતી કરી. હંમેશાંની જેમ બધા માટે હું લગભગ ઈન્વિઝિબલ(અદ્રશ્ય) હતી. પછી અચાનક એક દિવસ ક્લાસની સહુથી ફેમસ છોકરી રેચલે મને એના ગ્રુપ સાથે રિસેસમાં નાસ્તો કરવા બોલાવી. મારા આશ્ચર્યનો પાર ના રહ્યો. પણ પછી ખબર પડી, કે રેચલના મમ્મી અને મારા મમ્મી ઑફિસમાં ફ્રેન્ડ્સ છે. અને મારા મમ્મીએ જ રેચલના મમ્મીને રિક્વેસ્ટ (વિનંતી) કરી હતી કે રેયલ મારી સાથે ફ્રેન્ડશિપ કરે. અને



બસ, પછી તો શું જોઈતું હતું, તે દિવસથી હું ‘રેયલ એન્ડ ગ્રુપ’નો ભાગ બની ગઈ અને બધા મને ઓળખતા થઈ ગયા.

‘અબ્બે, ક્યાં ખોવાઈ ગઈ ?’ જીના મને મારા વિચારોમાંથી પાછી લઈ આવી અને પછી એકદમ દુઃખી થઈને બોલી, ‘યાર, કિતના બૉરિંગ ક્લાસ હોગા !’

ટીચર ક્લાસમાં દાખલ થયા અને બધા ચૂપ થઈ ગયા. અમે બધાએ નોટબુકની પાછળના પેજ પર લખી લખીને વાતો કરી અને આમ, ક્લાસનો સમય પસાર કર્યો. મને આવું કરવું ગમતું નહોતું. અંદરથી કંઈક ખૂંચતું હતું. પણ એમની સાથે રહેવા માટે હું એમના જેવું કર્યા કરતી હતી.

રિસેસનો બેલ પડ્યો અને બધા ફટ દઈને ઊભા થઈ ગયા. ક્લાસની બહાર નીકળતા મારી નજર એક છોકરી પર ગઈ. ખબર નહીં કેમ, પણ એ મને મારા જેવી જ લાગી. સાથે મને એમ પણ



થયું, કે મારા જેવી જ એટલે ? અત્યારે તો મને એ જ નથી ખબર કે હું કોના જેવી બની ગઈ છું !

મારા ફ્રેન્ડ્સ કેન્ટીનમાં શું ઑર્ડર કરવો એ વિચારતા હતા. હું ક્યાંક ખોવાયેલી હતી.

'તું શું ખાઈશ ?', ટીયાએ મને પૂછ્યું.

'તમે લોકો શું ઑર્ડર કરો છો ?'

'એ જ રોજનું.'

'બસ, તો મારું પણ એ જ.' હવે આમ જ થતું. કેટલાય દિવસોથી મેં મારા માટે કંઈ પણ વિચારવાનું છોડી દીધું હતું. મને એવું થતું હતું, કે એ લોકો જેવું હું પણ કરીશ તો તેઓ મને એકલી નહીં છોડે. એટલે એમના જેવું હું ફક્ત કરતી જ નહોતી, એમના જેવું બોલતી પણ હતી. મારા શબ્દો, મારી બોલવાની સ્ટાઈલ બધું જ એમના જેવું જ થઈ ગયું હતું. એવા એવા શબ્દ બોલતા હું શીખી ગઈ હતી, જે મેં પહેલા ક્યારેય બોલ્યા નહોતા.

બધા કેન્ટીનમાં આવ્યા. અમુક છોકરીઓ 'નેચર પાર્કની' વાતો કરી રહી હતી. ખબર પડી કે એક અઠવાડિયા પછી સ્કૂલ તરફથી નેચર પાર્કમાં ફીલ્ડ ટ્રીપ છે.

'નેચર પાર્ક ! સાવ બૉરિંગ !', રેયલે કહ્યું. જીના અને ટીયાએ દર વખતની જેમ રેયલ ની 'હા' માં 'હા' કરી. મેં કંઈ ના કહ્યું અને કોઈએ મને કંઈ પૂછ્યું પણ નહીં.

ફીલ્ડ ટ્રિપના દિવસે ટીચરે બધા બાળકોને રોલ નંબર પ્રમાણે બે બસમાં વહેંચી દીધા. રેયલ , જીના અને ટીયાથી હું અલગ પડી ગઈ. બસમાં મને એ જ છોકરીની પાસે જગ્યા મળી, જેને

જોઈને મને એ મારા જેવી લાગી હતી. એનું નામ 'પ્રિયા' હતું. પ્રિયા અને મારા શોખ એક જેવા જ હતા. મારી જેમ એને પણ ફરવું અને વાંચવું ગમતું હતું. વાતો કરવામાં ક્યારે નેચર પાર્ક આવી ગયું એની ખબર પણ ના પડી. પ્રિયા સાથે વાતો કરીને મને હલકું લાગ્યું. કદાચ એટલા માટે કે હું જેવી છું એવી જ રહી. એ મને સ્વીકારે એના માટે મેં કોઈ ઢોંગ નહોતો કર્યો. આજે પહેલી વાર એવું લાગ્યું, કે હું મારા ક્લાસમૅટ્સ સાથે છું. બાકી રોજ તો એવું જ લાગતું જાણે હું ત્રણ ફ્રેન્ડ્સની ચમચી છું.

નેચર પાર્ક પહોંચીને બાળકો બે બૅચમાં વહેંચાઈ ગયા. મારી બૅચ રેયલ, જીના અને ટીયાથી જુદી હતી. અમે સહુથી પહેલા પ્રાણી સંગ્રહાલયમાં ગયા. એક ગાઈડ અમને જુદા જુદા ટાઈપના પ્રાણીઓ વિશે સમજાવી રહ્યા હતા.

'બાળકો, આ કાંચીડો છે. કોઈને ખબર છે આ પ્રાણીની વિશેષતા શું છે ?', ગાઈડે પૂછ્યું.

પ્રિયાએ હાથ ઉપર કર્યો, 'સર, આજુબાજુના વાતાવરણ





પ્રમાણે એ શરીરના રંગ બદલે છે.'

'એકદમ સાચો જવાબ. વાતાવરણ પ્રમાણે કાંચીડો એનો રંગ બદલે.'

મારી પાછળથી એક છોકરી બોલી, 'આપણા ક્લાસની અમુક છોકરીઓની જેમ !'

મને એની વાતથી દુઃખ થયું. હું તો એને ઓળખતી પણ નહોતી અને કદાચ આ વાત એણે મારા માટે કરી પણ નહીં હોય. પણ વાત તો એની સાચી હતી. હું પણ કાંચીડા જેવું જ તો કરતી હતી. મારી આદતો, મારા કપડાં, મારી હેર સ્ટાઈલ, અરે, મારી  બોલવાની સ્ટાઈલ અને શબ્દો પણ 'રેયલ એન્ડ ગ્રુપ' જેવા થઈ ગયા હતા.

પ્રાણી સંગ્રહાલયમાંથી નીકળીને અમે જમવા ગયા. જમતા જમતા પ્રિયા બોલી, 'નૂડલ્સ તો એકદમ ટેસ્ટી છે.'

'હા, એકદમ યમ્મી !', મેં કહ્યું. મને ખરેખર નૂડલ્સ ભાવ્યા

હતા. મેં પ્રિયાને ખુશ કરવા માટે ખોટું નહોતું કહ્યું. મને યાદ નથી આવતું, કે આવું સાચું હું ક્યારે બોલી હતી. કેટલાય દિવસોથી તો હું ફ્રેન્ડ્સની 'હા' માં 'હા' જ કરતી હતી.

દિવસ ક્યાં પસાર થઈ ગયો એની મને ખબર પણ ના પડી. રેયલ, જીના અને ટીયાને હું માંડ થોડો ટાઈમ મળી હોઈશ. બીજા દિવસે સ્કૂલમાં રજા હતી. આખો દિવસ 'કાંચીડા'ની વાત મને યાદ આવતી રહી. એક કાંચીડા જેવું હું કેટલો વખત કરી શકું ?


બીજા દિવસે ક્લાસમાં દાખલ થઈ ત્યારે ફરી લાસ્ટ બેન્ચથી એક હાથ ઊઠ્યો. મેં એક નજર કરી અને પછી પ્રિયાના ડેસ્ક તરફ વળી ગઈ. કોઈને કંઈ ફરક ના પડ્યો. એ લોકો મારા પર થોડું હસ્યા અને પછી રોજની જેમ કોઈને શોધીને એને ચિડાવવામાં પડી ગયા.



હું બહુ જ ખુશ છું. મને લાગે છે, કે મને મારો સાચો રંગ મળી ગયો છે. હવે મારે કોઈ નકલી રંગોની જરૂર નથી. હવેથી હું જેવી છું એવી જ રહીશ. કોઈને ખુશ કરવા માટે મારા રંગ નહીં બદલું. બૅગમાંથી બુક કાઢીને હું ક્લાસ શરૂ થવાની રાહ જોઈ રહી છું.

# ચાલો રમીએ...

**નીચે આપેલા ઈમોજીમાં એના હાવભાવ પ્રમાણે કલર કરો.**






*થીઓના કૅફે પર પોતાની સરપ્રાઈઝ પાર્ટી જોઈને ચીલી ખૂબ ખુશ થઈ ગયો હતો. પણ પાર્ટીમાં કોકોને જોતા ફરી એને બધું ગરમ ગરમ લાગવા લાગ્યું. હવે જોઈએ કે આગળ ચીલીને શું થાય છે.*

સાચું કહું, કોકોને પાર્ટીમાં જોઈને મને કૉમ્પિટિશન યાદ આવી ગઈ. કઈ રીતે આલુએ મારો સાથ છોડી દીધો ! કઈ રીતે બધા મારા પર હસ્યા ! મને ફરી બધું દઝાવા લાગ્યું. મને થયું કે કદાચ આ કોકોની પાસે રહેવાથી મને બધું દાઝે છે ! જો એ અહીંયાથી જતી રહે તો બધું ઠંડુ થઈ જશે.

હું આવું વિચારતો હતો ત્યાં તો થીઓ અને ઝોઈ બહાર આવી ગયા. ‘અરે, આ શું ? કોકો તું અમારા કૅફે પર આવી ! કૉમ્પિટિશન વિનર પોતે !’ ત્યાં તો જીફ્ફી આવ્યો અને કહેવા લાગ્યો, ‘તારે અમારી સાથે નેક્સ્ટ એડ્વેન્ચર પર આવવાનું છે ! આપણે બહુ મજા કરીશું.’



મારા ફ્રેન્ડ્સ થઈને મને કોઈ દિવસ એડ્વેન્ચર પર નથી લઈ જતા અને આ કોકો કૉમ્પિટિશન શું જીતી ગઈ, બધા એના ફૅન થઈ ગયા. આ થઈ શું રહ્યું છે ?

ત્યાં તો આલુ મારી બાજુમાં આવીને ઊભો રહ્યો અને બોલ્યો, 'હાઈ ચીલી ! મને ખબર હતી, કે તું ઊડીને અહીંયા જ આવીશ !' અને એણે મને એક મોટી સ્માઈલ આપી. એ સ્માઈલ એકદમ મારા બેસ્ટ ફ્રેન્ડ આલુવાળી હતી. મેં એને કીધું, 'આલુ મને બધું બળે છે.'

ત્યાં તો રીઝો ક્યાંકથી કેમેરા લઈને આવી ગયો અને ફોટો પાડતા પૂછ્યું, 'કોકો, કેવું લાગે છે કૉમ્પિટિશન જીતીને ?' ને

કોકો બોલી, 'મારી સફળતાનું કારણ મારો મધુર અવાજ ને આલુનું પ્રોત્સાહન છે. મને હતું, કે ચીલીને કોઈ હરાવી ના શકે. પણ આલુને કારણે...' મને થયું, મારાથી એની વાત નહીં સાંભળી શકાય. આ તો મારી સ્પીચ હતી. મારી જીત્યા પછીની સ્પીચ...!



મારી ટ્રોફી, મારી સ્પીચ, મારો બેસ્ટ ફ્રેન્ડ આલુ, મારા બીજા ફ્રેન્ડ્સ બધું આ કોકો લઈ લેશે. મારા શરીરમાં હવે આગ લાગી ગઈ હતી. મેં આલુ સામે જોયું, તો એ મારી બદલે કોકોને સ્માઈલ આપી રહ્યો હતો. મારી આંખોમાં પાણી આવી ગયું.

મને થયું, મારે અહીંયા રહેવું જ નથી.

બધા કોકો સાથે વાતોમાં બિઝી હતા. હું પાર્ટી છોડીને ત્યાંથી જતો રહ્યો.



***આલુના વિશ્વાસ કરતાં કોકો અને પાર્સલીનો ડર સાચો પડ્યો. હવે ? ચીલીને આટલી તકલીફ પડે છે છતાં આલુ કેમ સમજતો નથી ?***

# વારસદાર



આર્યાવર્તના રાજા ધર્મકેતુને બે કુંવરો હતા. મોટો દીકરો તેજપાલ, શૂરવીર અને હોશિયાર હતો. નાનો દીકરો રાજવીર, શાંત અને શરમાળ હતો. થોડા વર્ષો બહારગામ અભ્યાસ કર્યા પછી જ્યારે રાજવીર પોતાના રાજ્યમાં પાછો ફર્યો, ત્યારે મોટા ભાઈ તેજપાલને જોઈને એકદમ દંગ જ રહી ગયો.
રાજવીર : ભાઈ, તમે તો આબેહૂબ પિતાશ્રી જેવા જ લાગો છો. તેજપાલ હસી પડ્યો. એણે પોતાની મૂછોના વાળ ઊંચા ચડાવ્યા અને બે તાળી પાડીને દાસને બોલાવ્યો.
તેજપાલ : અહીં ખંડમાં જ અમારા ભોજન માટે વ્યવસ્થા કરો.


તેજપાલનો અવાજ, એની બોલવાની ઢબ વગેરે બિલકુલ રાજાજી જેવા જ હતા. અને આ કંઈ એમનેમ નહોતું થયું. ભવિષ્યમાં રાજા બનવા માટે, પિતાશ્રીનું અનુકરણ કરતા કરતા, તેજપાલ હવે બિલકુલ રાજાજીની પ્રતિકૃતિ(એમના જેવો) જ બની ગયો હતો. રાજ્યમાં પણ બધા તેજપાલને ભવિષ્યના રાજા તરીકે જ જોતા હતા.
એક દિવસ રાજાજીએ બન્ને પુત્રોને બોલાવ્યા.
રાજા : તમારી આવડતને ધ્યાનમાં રાખીને મેં તમને બેઉને રાજ્યની થોડી જવાબદારી સોંપવાનું નક્કી કર્યું છે. તેજપાલ હવે સેના સંભાળશે અને રાજવીર મંત્રીજીનો સલાહકાર બનશે.
બન્નેએ રાજી રાજી પોતાની જવાબદારીઓ સ્વીકારી લીધી.



તેજપાલ માનતો હતો, કે એક રાજા પોતાની તાકાતથી ઓળખાય છે. એણે હંમેશાં એના પિતાશ્રીની બાહ્ય શક્તિ તરફ જ ધ્યાન આપ્યું હતું અને એટલે જ એણે સેના પર કડક નિયમો લાગુ કર્યા. જે લોકો નિયમોનું પાલન કરવાનું ચૂકી જાય એમને સખત દંડ ફટકારવામાં આવતો.




બીજી બાજુ, રાજવીરને જ્યારે તક મળે ત્યારે પિતાશ્રીની નજીક જઈને બેસતો અને ફક્ત એમને જોયા કરતો. રાજાજી કઈ રીતે પોતાની સમજણથી રાજ્યની નાની-મોટી સમસ્યાઓનો (પ્રૉબ્લેમ્સ) ઉકેલ લાવે છે, એ જોવામાં એને ખૂબ રસ પડતો.




રાજ્યના મંત્રીઓ અને સલાહકારોને મનમાં થતું, કે તેજપાલ ભલે કડક છે, પણ કામ તો કરે છે ને ! રાજવીર તો સાવ આળસુનો પીર છે. કામ-બામ કંઈ કરે નહીં અને ફક્ત પોતાના પિતા પાસે બેસીને લહેર કરે છે.




આમ કરતા થોડો સમય વીત્યો. રાજાજીની તબિયત ખરાબ રહેવા લાગી. રાજાજીને વિચાર આવ્યો, કે હવે ભવિષ્યના રાજાની ઘોષણા કરી દેવી જોઈએ. મંત્રીઓ અને સલાહકારો સાથે વાતચીત કરતા રાજાજીને સમજાયું, કે દરેકના મનમાં એ વાત નક્કી છે કે તેજપાલ જ રાજાના પદે શોભશે.


એ જ અરસામાં રાજ્યમાં દુકાળ પડ્યો. એક તો રાજાજીની તબિયત ખરાબ અને ઉપરથી દુકાળ જેવી વિકટ (અઘરી) પરિસ્થિતિ. રાજાજી ખૂબ ચિંતામાં ડૂબ્યા. તેજપાલે પિતાને ભરોસો આપતા કહ્યું, 'તમે સહેજ પણ ચિંતા ના કરશો, પિતાશ્રી. રાજવીર અને હું બધું જ સંભાળી લઈશું.'
અને બસ, ત્યારથી રાજ્યને સંકટમાંથી બહાર કાઢવામાં બેઉ ભાઈઓ લાગી ગયા. કામ સહેલું કરવા બન્નેએ રાજ્યના ભાગ વહેંચી લીધા.
તેજપાલે પોતાના હિસ્સાના રાજ્યમાં કડક નિયમો લાગુ કર્યા. અનાજની વહેંચણી ઘટાડી દીધી. વધારે અનાજની માંગણી કરનારાઓને દંડ અપાતો.


બીજી બાજુ રાજવીરે ખેડૂતો, સલાહકારો અને મંત્રીઓને બોલાવીને ઉપાય શોધ્યા. આસપાસના રાજ્યોમાંથી અનાજ મંગાવીને, ઓછા ભાવે લોકોને વહેંચ્યું. ઓછામાં ઓછું પાણી વાપરીને જમીનનું સિંચન થઈ શકે એવા રસ્તાઓ કર્યા.
ધીરે ધીરે દુકાળના દિવસો પૂરા થયા. રાજવીરે થોડા જ સમયમાં લોકોના દિલ જીતી લીધા. અને સહાનુભૂતિના અભાવને કારણે તેજપાલ લોકોના દિલમાંથી ઊતરી ગયો.


લોકોને સમજાયું, કે તેજપાલના બોલચાલ અને દેખાવ ભલે રાજાજી જેવા છે, પણ રાજાજી જેવી લાગણી, સમજણ અને હૃદય તો રાજવીર પાસે છે.
જ્યારે ભવિષ્યના રાજાનું નામ ઘોષિત કરવાનો સમય આવ્યો, ત્યારે સલાહકારોએ રાજાજીને વિનંતી કરી કે, 'રાજાજી, કુંવર રાજવીરને ઓળખવામાં અમે ભૂલ કરી. સૂઝ અને સમજણ વાપરીને એમણે સંકટ સમયમાં રાજ્યને બચાવી લીધું. કુંવર રાજવીર જ આપની જેમ રાજ્ય સંભાળી શકશે.'


રાજાજીએ દિલથી એમની વાત સ્વીકારી લીધી, ‘જે લોકોના દિલ પર રાજ કરે, જેને લોકો સ્વીકારે, એ જ રાજા.’
તેજપાલને પોતાની ભૂલ સમજાઈ, કે રાજાજીના વર્તનનું નહીં, પણ એમની સમજણનું અનુકરણ (કૉપિ) કરવાનું હતું. રાજાનું ખરું બળ રોફ મારીને કડક નિયમો લાગુ કરવામાં નથી, પણ લાગણીપૂર્વક પ્રજાનું હિત વિચારીને એમનું ભલું કરવામાં છે.




થીઓ અને ફ્રેન્ડ્સે સાબરમતી રિવરફ્રન્ટ પર ‘અક્ષર રિવર ક્રૂઝ’ જવાનો પ્લાન બનાવ્યો. બધા તૈયાર થઈને આવી ગયા, પણ થીઓ નહોતો દેખાતો.

ત્યાં તો ઝોઈની નજર ક્યાંક પડી અને એ એકદમ હસી પડી,‘અરે થીઓ ! શું થઈ ગયું તને ? આ બધું શું પહેર્યું છે અને આટલી સ્ટાઈલ કેમ મારે છે ?’

થીઓએ પોતાના મોટા ગૉગલ્સ કપાળ પર ચડાવીને કહ્યું, ‘કેમ ? આટલો ફાઈન તો લાગું છું. ક્રૂઝ પર જવા માટે મેં પપ્પાને મારા માટે શૉપિંગ કરવાનું કહ્યું હતું.’ બધા રિવરફ્રન્ટ પર પહોંચી ગયા. સાઈકલીંગ કરીને થાક્યા એટલે નજીકના ગ્રાઉન્ડમાં ઊજવાઈ રહેલા બુક ફેસ્ટિવલમાં ચક્કર મારવા ગયા. ત્યાં એક સ્ટોલ પર અંકલ બધાને વાર્તા કહી રહ્યા હતા. થીઓ



એન્ડ ફ્રેન્ડ્સ પણ ત્યાં વાર્તા સાંભળવા માટે ગોઠવાઈ ગયા. વાર્તા શરૂ થઈ.

વર્ષો પહેલાની આ વાત છે. તે સમયમાં મહારાષ્ટ્ર રાજ્યમાં માધવરાવ પેશવાનું રાજ હતું અને એમના મુખ્ય ન્યાયાધીશ હતા, રામશાસ્ત્રી પ્રભુણે.

તે સમયમાં એક મહોત્સવ ખૂબ ધામધૂમ અને સંગીતમય વાતાવરણમાં ઉજવાતો. એ મહોત્સવનું નામ હતું, હલ્દી-કુમકુમ. રાજમહેલ અને રાજપથને રંગીન તોરણો અને વિવિધ રંગોળીઓથી શણગારવામાં આવતા.

આ મહોત્સવ ખાસ સ્ત્રીઓ માટે યોજવામાં આવતો. રાજ્યની ગરીબ વર્ગની સ્ત્રીઓ પણ મુક્ત રીતે આ ઉત્સવમાં ભાગ લઈ શકે તે માટે રાજા રાજ્યના ખજાનામાંથી ધન ખર્ચતા. મહોત્સવ વખતે રાજમહેલ અને રાજપથને રંગીન તોરણો અને વિવિધ રંગોળીઓથી શણગારવામાં આવતા.

ઉત્સવનો દિવસ હતો. પેશવા માધવરાવ મૂલ્યવાન વસ્ત્રો પહેરીને આવી ગયા હતા. સહુથી વધુ ઉત્સાહ તો મહારાણીનો હતો. તેમણે હીરા, માણેક અને મોતીના કિંમતી ઘરેણાં અને રેશમી વસ્ત્રો પહેર્યા હતા. પોતાનું સૌંદર્ય જોવા માટે મહારાણી થોડી થોડી વારે અરીસામાં જોઈ લેતા હતા.

બધા જ ઉત્સવમાં ભાગ લેવા આવી ગયા હતા. ફક્ત ન્યાયાધીશના પત્ની આવ્યા નહોતા. એમની આતુરતાપૂર્વક રાહ જોવાય રહી હતી. મહારાણીને થયું, 'કદાચ તૈયાર થવામાં વાર લાગી હશે.'

એટલામાં તો ન્યાયાધીશના પત્ની પધાર્યા. સહુએ એમનું સ્વાગત કર્યું. પણ એમને જોઈને મહારાણીનું મોઢું સાવ પડી ગયું. મહારાણીને ન્યાયાધીશના પત્નીના સાદા વસ્ત્રો અને સાધારણ શૃંગાર બરાબર ના લાગ્યા. મહારાણીએ એમને વિનંતી કરીને કહ્યું, 'તમારો કપડાં આ ઉત્સવ માટે યોગ્ય



નથી. તમને મારી દાસીઓ થોડા વૈભવશાળી વસ્ત્રો આપશે, તે પહેરી લો.' ન્યાયાધીશના પત્નીને સંકોચ થયો, પણ મહારાણીની વિનંતી સામે એમનું ચાલ્યું નહીં અને આખરે એમણે વસ્ત્રો બદલી નાખ્યા. જ્યારે એમણે દર્પણમાં પોતાની જાતને જોઈ, ત્યારે એમને મહારાણીના વસ્ત્રો ખૂબ પસંદ પડ્યા.

ઉત્સવ બાદ તેઓ પોતાના સાદા કપડાં પહેરવા જતા હતા, ત્યારે મહારાણીએ એમને કહ્યું, 'આ કપડાં હવે આજથી તમારા. તમે આ જ રાજશાહી કપડાં પહેરીને, શાહી પાલખીમાં બેસીને તમારા ઘરે પાછા ફરો.' એમણે મહારાણીની વાત તરત જ સ્વીકારી લીધી.

જ્યારે ન્યાયાધીશ રામશાસ્ત્રીએ પોતાના પત્નીને વૈભવશાળી વસ્ત્રોમાં, શાહી પાલખીમાંથી ઊતરતા જોયા, તો એમણે પોતાના પત્નીને કહ્યું, ''તમે ખોટા સરનામે આવ્યા છો'' અને એમ કહી, ઘરનો દરવાજો બંધ કરી દીધો.

પત્ની સમજી ગયા. રાજમહેલમાં જઈ એમણે પોતાના સાદા વસ્ત્રો



પહેર્યા અને ઘરે પાછા ગયા. દરવાજો ખખડાવ્યો, કે તરત જ રામશાસ્ત્રીએ પોતાના પત્નીને અંદર આવકાર આપ્યો.

જ્યારે ન્યાયાધીશના પત્નીએ પહેલી વાર દરવાજો બંધ કરવાનું કારણ પૂછ્યું, તો રામશાસ્ત્રીએ જણાવ્યું, 'આપણા ઘરેણાં તો આપણા ગુણ અને સાદગી છે. આપણી સરળતા અને સ્વચ્છતા છે. આપણે આમ બાહ્ય દેખાડો કરવાની જરૂર શું છે ?' પત્નીએ રામશાસ્ત્રીની આ વાત દિલથી સ્વીકારી લીધી.

'તો કેવી લાગી વાર્તા ?', અંકલે બધાને પૂછ્યું.

બાળકો કંઈ બોલ્યા નહીં. થોડી વાર રહીને થીઓ ઊભો થયો અને કહ્યું,'વાર્તા તો બહુ ગમી અંકલ.' અને કપાળે ચડાવેલા ગૉગલ્સ ઉતારીને કહ્યું, 'મેં ફિલ્મમાં સમય કપૂરને આવા ગૉગલ્સ પહેરેલા જોયા હતા. એટલે મેં જિદ કરીને એવા જ ગૉગલ્સ ખરીદ્યા. મારે ગૉગલ્સ નહોતા પહેરવા જોઈતા.'

અંકલે પ્રેમથી થીઓને કહ્યું, 'બેટા, ગૉગલ્સ પહેરવામાં કોઈ વાંધો નથી. પણ, કોઈની નકલ કરવા માટે આપણે શું કામ જિદ કરીએ ?'

થીઓ અંકલની વાત બરાબર સમજી ગયો.



## ગુજરાતી અક્રમ એક્સપ્રેસ હવે Audio માં પણ ઉપલબ્ધ... પણ ક્યાં ? ચાલો જાણીએ.

### સ્ટેપ–૧


વેબ સાઇટ ખોલો...

https://kids.dadabhagwan.org

### સ્ટેપ–૨

અક્રમ એક્સપ્રેસ મેગેઝીન ગુજરાતી ભાષામાં ખોલો...








### સ્ટેપ–૩

મેગેઝીનના ફોટો પર ક્લિક કરો. એટલે ૪ બટન દેખાશે.

### સ્ટેપ–૪

આ બટનથી...



શેર કરો.

ડાઉનલોડ કરો.

ઓનલાઇન વાંચો.

ઑડિઓ મેળવો.

DBF • અડાલજ